ગાંધીનગર સમાચાર

જિલ્લામાં પાણીજન્ય રોગચાળો વકરી રહ્યો છે

# સે-૪ માં ૧૨વર્ષનાં કિશોરનું ત્રીજા માળેથી નીચે પટકાતા મૃત્યુ

**રાત્રે દોઢ વાગ્યે કિશોર બાથરુમ કરવા ગયો ને કોઈ રીતે બહારની સીડીઓ પરથી નીચે પટકાઈને બાજુના ઘરે પછડાયો : 'પપ્પુડીયા બાય' કિશનાં છેલ્લા શબ્દો**

ગાંધીનગર, તા.૧૯

શહેરનાં સેક્ટર-૪ માં ગત રાત્રી દરમ્યાન બનેલી એક ઘટનાથી તે વિસ્તારમાં શોકની કાલીમા છવાઈ ગઈ છે. ધો-૭ માં અભ્યાસ કરતો ૧૨ વર્ષિય હાઈપર એક્ટીવ કિશોર ગઈ રાત્રે બાથરુમ કરવા ગયો અને કોઈ રીતે મકાનનાં બીજા માળેથી ત્રીજા માળે જવાની બહારની સાઈડની સીડીઓ પરથી નીચે પટકાયો અને બાજુના ઘરે પછડાયો હતો. ઘટના અંગે પરિવારજનોને જાણ થતા તાત્કાલીક તેને બેભાન હાલતમાં ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જો કે કિશોરનુ મૃત્યુ થઈ ગયુ હોવાનુ તબિબે કહેતા પરિવારના શિરે આભ ફાટી ગયુ હતુ. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી પી.એમ કરાવી વધુ તપાસ શરુ કરી છે.

શહેરનાં સે-૪ બી પ્લોટ નં.૧૧૨૧/ ૧ માં રહેતા રાજુભાઈ મકવાણા ગાંધીનગર કોર્ટમાં જજનાં પી.એ તરીકે ફરજ બજાવે છે. તેમને એક ધો.૭ માં ગુરુકુલ અભ્યાસ કરતો ૧૨ વર્ષનો દિકરો ક્રિશ અને ધો.૮ માં અભ્યાસ કરતી ૧૩ વર્ષિય દિકરી છે. દિકરો ક્રિશ ખુબ જ એક્ટીવ હતો રમતીયાળ સ્વભાવનો હતો. ત્રણ માળનાં મકાનમાં રાજુભાઈ પરિવાર સાથે બીજા માળે રહેતા હતા. ગઈ રાત્રે દોઢેક વાગ્યાનાં અરસામાં રાજુભાઈ જાગતા જ હતા. તેમનો દિકરો ક્રિશ બાથરુમ જવા માટે ઉભો થયો અને પપ્પાને હાઈફાઈ તાળી આપીને 'પપ્પુડીયા બાય...' કહીને બાથરુમ જવા ગયો. પંદરેક મિનીટ થઈ છતા ક્રિશ પાછો ન આવતા રાજુભાઈ બહાર સીડીઓ તરફ આવ્યા. ત્યા પણ ન દેખાતા ધાબે પણ જોઈ આવ્યા પણ ત્યાં પણ ક્રિશ ન હતો. સીડીથી નીચે નજર નાંખી તો ક્રિશ બાજુના મકાનનાં વરંડામાં ઉંધો પડેલો દેખાયો...રાજુભાઈના પગ તળેથી જાણે જમીન સરકી ગઈ હતી. હિંમત કરીને રાજુભાઈ દોડાદોડ કરીને નીચે ઉતર્યા. પરિવારજનો અને પડોશીઓ બુમાબુમ થતા ભેગા થઈ ગયા અને તાત્કાલીક ઘાયલ ક્રિશને હાઈટેક હોસ્પિટલ લઈ જવાયો હતો. જો કે તબિબો ન દેખાતા આસ્કા હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જો કે માથામાં થયેલી ગંભીર ઈજાઓને કારણે ક્રિશનુ પ્રાણ પંખેરુ ઉડી ગયુ હતુ. આ મામલે સે-૭ પોલીસને જાણ થતા જમાદાર જશવંતસિંહ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે. મૃતકના પિતા રાજુભાઈના જણાવ્યાનુસાર તેમને પણ ખબર નથી પડી કે ઘટના કેવી રીતે સર્જાઈ. જો કે ક્રિશને સીડીની પાળી પરથી લપસણી ખાઈને ઉતરવાનો શોખ હતો. ગઈ રાત્રે વરસાદ હતો અને તે કદાચ આવી રીતે ઉતરવા ગયો હોય ને લપસીને પડી ગયો હોય તેવી પણ શક્યતા છે. પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.



# મેયરની ચેમ્બરમાં કોંગ્રેસનો ઘેરો

**સામાન્ય સભામાં સફાઈ, સિલીંગ-ભ્રષ્ટાચારના મુદ્દાઓની ચર્ચા ન આપતાં વિપક્ષ કોંગ્રેસે મેયરની ચેમ્બરમાં ઘેરો ઘાલ્યો : મેયર તમે રબ્બર સ્ટેમ્પ બની ગયા છો; ગુંગળામણ ના અનુભવો રાજીનામુ આપી દો : શૈલેન્દ્રસિંહ; ભ્રષ્ટાચારની ચર્ચા ટાળવા પાછળના કારણો જાહેર કરો : બારોટ-રાયકા; સિલીંગના મુદ્દે તંત્ર શું છુપાવે છે : વિંઝુડા; મર્યાદા તો મહિલા કાઉન્સીલરના પતિ મેયરના ટેબલ પર બેસી તોડી રહ્યા છે : મકવાણા**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં સફાઈ, સિલીંગ અને ભ્રષ્ટાચારના મુદ્દાઓની ચર્ચાની વિપક્ષની માંગ ફગાવાતાં સામાન્ય સભા બાદ વિપક્ષી કોંગ્રેસે મેયરની ચેમ્બરને બાનમાં લઈ "તમે રબ્બર સ્ટેમ્પ બની ગયા છો... ભ્રષ્ટાચારની વાત આવે છે એટલે ભાજપ કેમ ભડકે છે... ટેન્ડરોમાં ગોટાળા કરી ભ્રષ્ટાચારથી પ્રજાને પરેશાન કરવાનું બંધ કરો" જેવા આક્ષેપોની ઝડીઓ વરસાવી દીધી હતી.

આજે સામાન્ય સભામાં એજન્ડા પરની કામગીરી પૂર્ણ થયા બાદ ચર્ચા કરવાની મેયરે તૈયારી બતાવી હતી અને પછી ફરી ગયા હોવાનો આક્ષેપ પણ કોંગ્રેસના શૈલેન્દ્રસિંહ બિહોલાએ કર્યો હતો. બિહોલાએ જણાવ્યું હતું કે સફાઈના મુદ્દે પણ અમે ગંભીર રજુઆતો કરી અને ખરેખર શહેરની શું સ્થિતિ છે તે કહેવાના હતા પરંતુ ભાજપની આંતરિક લડાઈમાં મેયર રબ્બર સ્ટેમ્પ બની વર્તી રહ્યા છે અને એટલે જ અમે તેમને રાજીનામુ ધરી દો... ભાજપની સરમુખત્યારી કરતાં તમે તમારી આગવી ઓળખ બતાવો.

આજે સામાન્ય સભા પૂરી થયાની મેયરની જાહેરાત સાથે જ

● અનુસંધાન પાન-૭ પર



# હાજીપુરમાં સાક્ષીનું શંકાસ્પદ ડિપ્થેરિયાથી મોત : તંત્રમાં હડકંપ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર તાલુકાના કલોલના હાજીપુરમાં અભ્યાસ કરતી ૮ વર્ષીય સાક્ષીનું શંકાસ્પદ ડિપ્થેરીયાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોત થતાં આરોગ્ય તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે કડી તાલુકાની વતની સાક્ષી હાજીપુર નજીકની એક શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતી હતી અને તેને ગળામાં સોજો આવવાથી તેમજ બોલવામાં તકલીફો થતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ હતી.

જ્યાં તેણીનીનું ૧૭મી સપ્ટેમ્બરે શંકાસ્પદ ડિપ્થેરીયાથી મોત નીપજ્યુ હતુ. સિવિલ સત્તાવાળાઓએ તેણીનીના નમુના મેળવી લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલી આપ્યા છે અને તેના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

આ બાબતની જાણ જિલ્લા આરોગ્ય તંત્રને કરતાં તંત્ર દ્વારા તાબડતોબ સાક્ષીની સ્કૂલમાં બાળકોનું તાત્કાલિક સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ કોઈ અન્ય બાળકને ઉધરસ, ગળાની તકલીફ કે બીજી બિમારીના લક્ષણો જણાયા નથી.

ડિપ્થેરીયાના શંકાસ્પદ લક્ષણો અમદાવાદ સિવિલના તબીબોને જણાયા છે અને તેના લેબોરેટરીના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. જો કે તંત્રએ આ ઘટનાને ગંભીરતાથી લીધી છે અને સર્વેલન્સ પણ સંપન્ન કરી લીધુ છે.

# સીટી ઈજનેરને ૫૦ હજાર સુધીની નાણાંકીય સત્તાઓ સુપ્રત કરાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળેલી સામાન્યસભામાં મનપાની બાંધકામ શાખાએ નાણાંકીય તેમજ માપોની સત્તાઓ આપવા અંગેના પાવર ડેલીગેશન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આજે બપોરે ૨.૩૦ વાગે મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં પ્રમુખસ્વામી મહારાજના અવસાન અંગે તેમજ ઉરીમાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી એજન્ડા પરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ સામાન્ય સભાએ ૬ વોર્ડ ૧, ૩, ૪, ૬, ૭ અને ૮ને ઓ.ડી.એફ. જાહેર કરવાનો નિર્ણયને બહાલી આપી હતી. આ ઉપરાંત મનપામાં ચાલતી બાંધકામની કામગીરી અન્વયે ચુકવણા તથા મંજૂરી અર્થેની સત્તાઓ જે બાંધકામ સમિતિને અપાયેલ ન હોવાથી તે અંગેના અધિકારો સીટી ઈજનેર અને એડી. સીટી ઈજનેરને આપવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# જુના સેક્ટરોમાં ભયજનક સરકારી બ્લોક તબક્કાવાર તોડી નંખાશે

**સે. ૨૨, ૨૩, ૨૮, ૨૯ સહીતના વિસ્તારમાં જોખમી બ્લોકની સંખ્યા વિશેષ : વૈકલ્પિક વ્યવસ્થાના અંતે આવાસોનો કડસલો બોલાવાશે**

ગાંધીનગર, તા. ૧૯

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલની સ્થિતિએ પણ જોખમી મકાનો અસ્તિત્વ ધરાવે છે. સેક્ટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના મકાનો પૈકી મોટાભાગના આવાસો ભયજનક હાલતમાં છે. સર્વેના અંતે આ જોખમી મકાનો તોડી નાંખવાનો પણ નિર્ણય કરાયો છે. જુના સેક્ટરોમાં ભયજનક આવાસોની સંખ્યા વિશેષ હોવાનું ધ્યાને આવ્યું છે. પરંતુ વૈકલ્પિક વ્યવસ્થાના અભાવે આ આવાસો તોડવાનું કામ અટવાયું છે. પ્રાથમિક દ્દષ્ટીએ જોખમી માલુમ પડતા સરકારી બ્લોક તબક્કાવાર ખાલી કરાવાયા બાદ મકાનોનો કડુસલો બોલાવાશે.

શહેરના વિવિધ સેક્ટરોમાં જુદી જુદી કક્ષાના અંદાજિત ૧૬ હજાર જેટલા મકાનો છે. જ્યારે આ પૈકી અગાઉ નિકાલ હેઠળ જાહેર કરાયેલા ૧૯૦૦ જેટલા મકાનો

● અનુસંધાન પાન-૭ પર



લહેરાતો પાક - રવિવારની સાંજે વ્યાપક વરસાદથી પાકને જીવતદાન મળ્યું છે... એક ઈંચથી પાંચ ઈંચના વરસાદના આંકડાએ રાજ્યભરમાં ખેતીને રાહત મળી છે... ભીંજાયેલા વાતાવરણમાં લહેરાતા પાકની તસવીર.....

# ગુજરાતમાં ભાજપને બહુમતિ મળશે : કોંગ્રેસનો સર્વે

**ભાજપને ૯૭ બેઠક મળી શકે જ્યારે કોંગ્રેસને ૮૫ બેઠકો : ગુપ્તરીતે કરાયેલા સર્વેમાં દાવો થયો : કોંગ્રેસની છાવણી ચિંતાતુર**

ગાંધીનગર,તા. ૧૯

ગુજરાત કોંગ્રેસ દ્વારા તૈયાર કરવામાં આવેલા અને પાર્ટીના ઉપપ્રમુખ રાહુલ ગાંધીને મોકલવામાં આવેલા એક ગુપ્ત અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પણ ભાજપ બહુમતિ મેળવી જશે. જો કે, કોંગ્રેસનો દેખાવ ઘણો સારો રહેશે. ૨૦૧૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસ દ્વારા એક ગુપ્ત સર્વે કરવામાં આવ્યો હતો. પોતાની સ્થિતિને જાણવા માટે આ સર્વે કરવામાં આવ્યો હતો. સર્વેમાં જાણવા મળ્યું છે કે, ભાજપની ૧૮૨ વિધાનસભા પૈકી ૫૭ બેઠકો મળી શકે છે. સર્વેના અહેવાલ કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીને મોકલી દેવામાં આવ્યા છે. એક અગ્રણી અંગ્રેજી અખબારના અહેવાલ મુજબ કોંગ્રેસનો દેખાવ સુધરશે. તેને ૮૫ બેઠકો મળી શકે છે. આ સર્વે પ્રોફેશનલ એજન્સી દ્વારા કરાવવામાં આવ્યો હતો. જેમાં કહેવામાં આવ્યું હતું કે, ૧૮૨ વિધાનસભા પૈકી ભાજપની ૫૨ બેઠકો (શહેરી વિસ્તાર) પર જીતવાની તકો ૧૦૦ ટકા રહેલી છે. જ્યારે ૪૫ બેઠક પર ભાજપની જીતવાની તકો ૮૦થી ૮૫ ટકા છે. એટલે કે, કુલ ૯૭ બેઠક પર ભાજપની સ્થિતિ હજુ પણ સારી છે. જો ભાજપ આ બેઠક ઉપરાંત તમામ બેઠક ઉપર હારી પણ જાય તો ભાજપ બહુમતિની સાથે સરકાર બનાવવામાં સફળ રહેશે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, જો કોંગ્રેસ બાકીની ૮૫ બેઠક જીતી જાય છે તો પણ સરકાર બનાવવામાં સફળ રહેશે નહીં. રિપોર્ટમાં એવી સીટો જ્યાં જીતવાની તક સૌથી વધારે છે તેમને એ ગ્રેડ સીટ નામ આપવામાં આવ્યું છે. ભાજપના ખાતામાં એ ગ્રેડ વાળી ૫૨ સીટો છે જ્યારે કોંગ્રેસ પાસે આવી માત્ર આઠ બેઠક છે. જાણકાર લોકોનું કહેવું છે કે, કોંગ્રેસને હજુ પણ ભાજપના ગઢમાં ગાબડા પાડવા માટે ખુબ મહેનત કરવી પડશે. ગુજરાતના ચાર મોટા શહેરોમાં કોંગ્રેસની સ્થિતિ નહીવત જેવી છે. ભાજપના બુથલેવલની સ્થિતિ ખુબ જ મજબૂત છે. કોંગ્રેસની આ સૌથી મોટી નબળાઈ દેખાઈ રહી છે. આ તમામ બાબત દર્શાવે છે કે, કોંગ્રેસની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો નથી.

# જિલ્લામાં પાણીજન્ય રોગચાળો વકરી રહ્યો છે

**વિતેલા એક સપ્તાહમાં જ કમળાના ૫૩ કેસ સિવિલ હોસ્પિટલમાં નોંધાયા : ડેન્ગ્યુના ૧૨ અને મેલેરિયાના ૧૯ કેસ**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં વાહકજન્ય રોગની સાથે સાથે પાણીજન્ય રોગચાળાએ પણ માથુ ઉંચક્યું છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા એક સપ્તાહમાં કમળાના ૫૩ કેસ અને ટાઈફોઈડના ૬ કેસ નોંધાયા છે.

કમળો અને ટાઈફોઈડ એ બન્ને પાણીજન્ય રોગ છે. મળતી વિગતો પ્રમાણે સિવિલમાં છેલ્લા વીતેલા સપ્તાહમાં ડેન્ગ્યુના ૧૨ તેમજ મેલેરિયાના ૧૯ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ડહોળા પાણીની સમસ્યા ઘણી ગંભીર છે. તેમજ અખાદ્ય ચીજોનો વેપલો પણ ધમધોકાર ચાલી રહ્યો છે અને તેનો શિકાર જિલ્લાના લોકો બની રહ્યા છે.

જિલ્લામાં પાણીના ક્લોરીનેશનને લઈ પણ ઘણા બધા ગામોમાં પ્રશ્નો છે અને તેથી જ જિલ્લા આરોગ્ય તંત્રએ સરપંચોને ચોમાસા અગાઉ પણ સપ્ત ક્લોરીનેશન સાથેનું શુદ્ધ પેયજળ આપવા અંગેની તાકીદ પણ કરી હતી.

સિવિલ હોસ્પિટલમાં જે ૫૩ કેસ નોંધાયા છે તે અત્યંત ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે. આ કેસના દર્દીઓની સંખ્યામાં રોજે રોજ વધારો થઈ રહ્યો હોવાનું જાણવા મળેલ છે.

નવજાત શિશુઓમાં પણ કમળાના લક્ષણો જોવા મળતા હોવાની હકીકતો આરોગ્ય તંત્રના સૂત્રોના ધ્યાને આવી છે. જો કે જિલ્લામાં કમળાના છુટા છવાયા કેસો હોવાનો અધિકારીઓ ખાનગીમાં એકકાર કરી રહ્યા છે.


શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com